# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી હિમાચલ પ્રદેશના ત્રણ દિવસના પ્રવાસે

2) ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટીના બીજા દીક્ષાંત સમારોહ  સંબોધન કરશે.

3) સંરક્ષણ મંત્રી આજે ઓડિશામાં હિન્દુસ્તાન એરોનોટિક્સ દ્વારા બે હજારમી એરો-એન્જિનની ડિલિવરીને ઉજવશે.

4) તમિલનાડુ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળમાં પાંચ વિધાનસભા બેઠકો અને આસામની એક લોકસભા બેઠક માટે આજે પેટાચૂંટણી.

5) રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્લાય દુબઈ ફ્લાઇટમાં ઓમાની કો-પાયલોટ દ્વારા કરવામાં આવેલા આતંકવાદી હુમલા માટે ઈરાનને જવાબદાર ઠેરવ્યું.

6) લખનૌ ખાતેની આજની મેચ સાથે ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચેની T-20 ક્રિકેટ શ્રેણીનો આરંભ થશે.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PRESIDENT DRAUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી હિમાચલ પ્રદેશના ત્રણ દિવસના પ્રવાસે જશે. રાષ્ટ્રપતિ આજે બિલાસપુર સ્થિત ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) ના પ્રથમ દીક્ષાંત સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. દીક્ષાંત સમારોહ બાદ, રાષ્ટ્રપતિ મનાલી જશે.

# VP

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન આજે નવી દિલ્હીમાં લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટીના બીજા દીક્ષાંત સમારોહને સંબોધન કરીને વિધ્યાર્થીઓને પદવી એનાયત કરશે.

(વોઇસ કાસ્ટ – મુરલીમનોહર)

**(दीक्षांत समारोह के दौरान वर्ष 2024, 2025 और 2026 के उत्कृष्ट तीन विद्यार्थियों को उपराष्ट्रपति के हाथों गोल्ड मेडल प्रदान किया जाएगा। इसके अलावा, विभिन्न लोगों द्वारा स्पॉन्सर किए गए नामित मेडलों के तहत प्रत्येक वर्ष 60 विद्यार्थियों को गोल्ड मेडल दिया जाएगा। साथ ही, 240 पीएचडी स्कॉलर्स को पीएचडी का सर्टिफिकेट प्रदान किया जाएगा।)**

# INDIA –SWISS

નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્વિસ રાષ્ટ્રપતિ ગી પાહમલા વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો બાદ ભારત અને સ્વિટ્ઝર્લૅન્ડે ગઈકાલે પાંચ કરારો પર હસ્તાક્ષર કર્યા છે.

(BAYTE –PM )

(हमने मिलिट्री एक्सचेंज और डिफेंस प्रोडक्शन में सहयोग की नई संभावनाओं की पहचान की है। न्यूक्लियर एनर्जी में सहयोग को और प्रगाढ़ करने पर भी सहमति बनी है। वाराणसी का रोपवे, नोएडा का जेवर एयरपोर्ट और पहाड़ी क्षेत्रों में रेलवे तथा टनलिंग प्रोजेक्ट्स हमारे इंफ्रास्ट्रक्चर सहयोग के उज्ज्वल उदाहरण हैं। इस सहयोग को सुदृढ़ करने के लिए आज हमने ट्रांसपोर्ट, मोबिलिटी और इंफ्रास्ट्रक्चर पर एग्रीमेंट किया है।)

આ કરારો સ્થળાંતર અને ગતિશીલતા ભાગીદારી, યુવા વ્યાવસાયિકોનું આદાનપ્રદાન, પરિવહન તકનીકો પર પ્રમોશન અને સહયોગ, ઓળખાયેલા વિસ્તારોમાં ગતિશીલતા પ્રણાલીઓ અને માળખાગત સુવિધાઓ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને સ્વિસ નેશનલ સાયન્સ ફાઉન્ડેશન વચ્ચે ઉદ્દેશ પત્ર અને નવીનતા, ટેકનોલોજી ટ્રાન્સફર અને ઉદ્યોગસાહસિકતામાં સહયોગ માટે અમલીકરણ વ્યવસ્થા પર છે.

સંયુક્ત પત્રકાર પરિષદમાં, પ્રધાનમંત્રી મોદીએ સ્વિસ રાષ્ટ્રપતિનની ભારત-સ્વિટ્ઝર્લૅન્ડ સંબંધો પ્રત્યેની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી

# DEFENCE MINISTER RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે ઓડિશામાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના કોરાપુટ વિભાગ દ્વારા બે હજારમી એરો-એન્જિનની ડિલિવરીને ઉજવશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં શક્તિ એન્જિન માટે બીજી ઉત્પાદન લાઇનની સ્થાપનાને પણ પ્રકાશિત કરાશે, જેમાં બેસો કરોડ રૂપિયાથી વધુનું રોકાણ થશે.

સંરક્ષણ મંત્રી આજે વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ ખાતે ફ્લીટ સપોર્ટ શિપ-1 (FSS-1) લોન્ચ કરશે અને ફ્લીટ સપોર્ટ શિપ-5 (FSS-5)નું ખાતમુહૂર્ત કરશે. તેઓ અપગ્રેડેડ સ્લિપવે-4 અને 300-ટન ગોલિયાથ ક્રેનનું પણ ઉદ્ઘાટન કરશે.

# ELECTION

તામિલનાડુ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળમાં પાંચ વિધાનસભા બેઠકો અને આસામની એક લોકસભા બેઠક માટે આજે પેટાચૂંટણી યોજાશે.

જે પાંચ વિધાનસભા બેઠકો પર મતદાન થવાનું છે તેમાં તામિલનાડુમાં મદુરંતકમ અને ધારાપુરમ, પુડુચેરીમાં થટ્ટનચાવાડી અને પશ્ચિમ બંગાળમાં રેજીનગર અને નંદીગ્રામનો સમાવેશ થાય છે. આસામની નાગાંવ લોકસભા બેઠક પર મતદાન થવાનું છે. શુક્રવારે મતગણતરી થશે.

# MINISTER PIYUSH GOYAL

વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે અમેરિકાના ન્યૂયોર્કમાં જી20 વાણિજ્ય વ્યવસાયી પ્રમુખોની મિટિંગ કરી હતી, જયાં તેમણે બ્લેક રોક અને ન્યુબર્ગર માર્કેટ્સ જેવી મોટી કંપનીઓના પ્રમુખો સાથે ચર્ચા કરી હતી.

શ્રી ગોએલે શિકાગોમાં અમેરિકી વ્યવસાયી અગ્રણીઓને પણ મળ્યા અને ભારતીય ડાયસ્પોરાને સંબોધિત કર્યું હતું .ભારતમાં ભાગીદારી અને રોકાણને વધુ ગાઢ બનાવવાની તકો પર ચર્ચા કરી. હાલમાં શ્રીગોએલ G20 બિઝનેઝ લીડર્સ મિટિંગ માટે અમેરિકન પ્રવાસે છે.

# BJP IN UTTAR PRADESH

ભાજપે ઉત્તર પ્રદેશમાં આગામી રાજ્યસભાની ચૂંટણી માટે આઠ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

પાર્ટીએ ધર્મપાલ સિંહ, રાધાકાંત ઓઝા, પ્રકાશ પાલ, વિદ્યાસાગર સોનકર, ગોપી કૃષ્ણ પાંડે, પ્રિયંકા સિંહ રાવત, રામ પ્રતાપ સિંહ ચૌહાણ અને શ્રુતિ ગંગવારને મેદાનમાં ઉતાર્યા છે.

ભાજપ કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા આ નામોને મંજૂરી આપવામાં આવી હતી. દ્વિવાર્ષિક ચૂંટણી માટે નામાંકન દાખલ કરવાનો આજે છેલ્લો દિવસ છે.

ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળમાં રાજ્યસભા બેઠકો માટે મતદાન આ મહિનાની 16મી તારીખે યોજાશે. આ ચૂંટણીમાં ઉત્તર પ્રદેશની 10 અને ઉત્તરાખંડની એક બેઠક તેમજ પશ્ચિમ બંગાળની એક બેઠક માટે પેટાચૂંટણી યોજાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RUSSIA

રશિયા દ્વારા મોસ્કોમાં આયોજિત 8મા મોસ્કો ફોર્મેટ કન્સલ્ટેશન ઓન અફઘાનિસ્તાનમાં ભારતે અફઘાનિસ્તાનના સાર્વભૌમત્વ, એકતા અને પ્રાદેશિક અખંડિતતા માટે સમર્થન આપ્યું છે.અફઘાનિસ્તાનના લોકોના કલ્યાણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

**(બાઇટ - વિકાસ નાપા)**

(ભારતીય પ્રતિનિધિ મંડળની આ બેઠક રશિયામાં યોજાઈ હતી, જેમાં ભારત તરફથી રશિયામાં ભારતના રાજદૂત વિનય કુમાર અને સંયુક્ત સચિવ ડૉ. એમ. સુરેશકુમારે ભાગ લીધો હતો. આ બેઠકમાં રશિયા, ભારત, ઈરાન, કઝાકિસ્તાન, ચીન, કિર્ગિસ્તાન, પાકિસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. રશિયાના વિદેશ મંત્રી સરગોઈ લાવરોવે આ મંચને એવા દેશો વચ્ચેનો સેતુ ગણાવ્યો હતો જે અફઘાનિસ્તાન સાથે પરસ્પર લાભદાયી અને સમાન ભાગીદારી ઇચ્છે છે. આ સમગ્ર બેઠકનું સંચાલન સમાચાર કક્ષ દ્વારા વિકાસ નાપા દ્વારા કરવામાં આવ્યું હતું.)

# US

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દુબઈથી તેલ અવીવ જતી ફ્લાયદુબઈ ફ્લાઇટમાં ઓમાની કો-પાયલોટ દ્વારા કરવામાં આવેલા આતંકવાદી હુમલા માટે ઈરાનને જવાબદાર ઠેરવ્યું છે.

ટ્રમ્પે વ્હાઇટ હાઉસ પરિસરમાં મીડિયાના પ્રશ્નોના જવાબ આપતા આ વાત કહી હતી.ગયા મહિનાની 30મી તારીખે ફ્લાયદુબઈ ફ્લાઇટ ઉડાન દરમિયાન હાઇજેક અને ક્રેશના પ્રયાસને નિષ્ફળ બનાવ્યા બાદ આ ટિપ્પણી કરવામાં આવી હતી, જ્યારે ઓમાની કો-પાયલોટ હમામ અલ-હમ્મામીએ કોકપીટની અંદર ભારતીય કેપ્ટન સ્મિત માચ્છર પર હુમલો કર્યો હતો. કેપ્ટન માચ્છર ગંભીર રીતે ઘાયલ હોવા છતાં કોકપીટનો દરવાજો ખોલવામાં સફળ થયા પછી આ હુમલો નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો.

આ ઘટનાએ માચ્છરના કાર્યો તરફ ધ્યાન દોર્યું છે, જેમને ઇઝરાયલી રાષ્ટ્રપ્રમુખ  બેન્જામિન નેતન્યાહૂએ ઇઝરાયલ, ભારત અને વિશ્વના હીરો તરીકે પ્રશંસા કરી હતી.

# NOBEL-MEDICINE

વર્ષ 2026 માટે ફિઝિયોલોજી અથવા મેડિસિન માટેનો નોબેલ પુરસ્કાર, કાર્લ ડીસેરોથ, પીટર હેગેમેન અને જ્યોર્જ નાગેલને એનાયત કરવાની જાહેરાત કરાઇ છે.

(BYTE – SHAKTI)

(वैज्ञानिकों को लाइट-गेेटेड ऑयन चैनल और ऑप्टोजेनेटिक्स तकनीक की मदद से मस्तिष्क की कोशिकाओं की गतिविधियों को नियंत्रित करने से जुड़ी खोज के लिए सम्मानित किया गया है। ऑप्टोजेनेटिक्स एक ऐसी तकनीक है जो प्रकाश की सहायता से मस्तिष्क की तंत्रिका कोशिकाओं (न्यूरॉन्स) को नियंत्रित करती है। इस तकनीक के माध्यम से जीवित मस्तिष्क में विशिष्ट तंत्रिका कोशिकाओं को सक्रिय या निष्क्रिय करना संभव है। इससे वैज्ञानिकों को मस्तिष्क की स्मृति, भावनाओं और व्यवहार को समझने में काफी मदद मिलती है। पीटर हेगेमैन और जॉर्ज नागेल ने चैनलरहोडोप्सिन (Channelrhodopsins) नाम के प्रोटीन की खोज में महत्वपूर्ण योगदान दिया था। कार्ल डाइसरोथ अमेरिका की स्टैनफोर्ड यूनिवर्सिटी में बायोइंजीनियरिंग, मनोचिकित्सा और व्यवहार विज्ञान के प्रोफेसर हैं, जबकि पीटर हेगेमैन जर्मनी के बायोफिजिसिस्ट और जॉर्ज नागेल न्यूरोसाइंटिस्ट हैं।)

# CRICKET

પુરુષ ક્રિકેટમાં ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીનો પહેલો મુકાબલો આજે લખનૌમાં રમાશે. આ મેચ ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સાંજે 7 વાગ્યે શરૂ થશે.

2026 એશિયન ગેમ્સની ભારતીય ટીમમાંથી 10 ખેલાડીઓની શ્રેણી માટે પસંદગી કરવામાં આવી છે. અન્ય ત્રણ ખેલાડીઓ પણ ટી-20 ટીમનો ભાગ છે.

બીજી તરફ, વેસ્ટ ઇન્ડીઝે શ્રેણી માટે T20 ટીમમાં શિમરોન હેટમાયર, રોવમેન પોવેલ અને રોમારિયો શેફર્ડ જેવા ખેલાડીઓનો સમાવેશ કર્યો છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટા ભાગના અખબારોએ ચૂંટણી પંચને ટાંકતા સુપ્રીમ કોર્ટના નિરીક્ષણને પ્રથમ પાને છાપ્યા છે
- ગુજરાત સમાચાર એ લખ્યું સીઈસી જ્ઞાનેશકુમાર માટે સુપ્રીમ અનિર્ણાયક
- સંદેશ લખે છે ચૂંટણી પંચના નિર્ણયો ખોટાસાબિત થશે તો રદ કરીશું સીઈસીને સસ્પેન્ડ કરવામાં નહીં આવે: સુપ્રીમ
- નવગુજરાત સમય લખ્યું ફોર્મ છમાં સુધારાને અમે મંજૂરી આપી નથી સુપ્રીમ કોર્ટ
- દિવ્યભાસ્કર લખ્યું ઇલેક્શન કમિશને કાયદો તોડ્યો હશે તો નિર્ણય રોકીશું સુપ્રીમ કોર્ટ
- સ્થાનિક સમાચારોમાં જસ્ટિસ સુનિતા અગ્રવાલની સુપ્રીમ કોર્ટમાં જજ તરીકે બઢતી
- મહેસૂલી કર્મચારીઓની માસ CLથી કામ અટકવાના સમાચાર તેમજ રાજ્યભરની કોર્ટમાં વકીલો દ્વારા કરાયેલ રેલી અને દેખાવોના સમાચાર તસવીરો સાથે વાંચવા મળી રહ્યા છે.